રજુ તારીખ : ૦૭/૦૨/૨૦૧૩

દાખલ તારીખ : ૦૬/૦૯/૨૦૧૪

ફેંસલ તારીખ : ૦૩/૧૧/૨૦૧૮

અવધિ : વર્ષ – માસ – દિવસ

૦૪ ૦૧ ૨૮

મહે.ઉનાનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ઉના.

એલ.આર.સી.કેસ નં.૧/૧૪ (મેઈન કેસ) તથા સાથે
એલ.આર.સી.કેસ નં.૨/૧૪ થી ૭/૧૪, ૧૦/૧૪, ૧૧/૧૪, ૧૩/૧૪ થી ૧૭/૧૪, ૧૯/૧૪, ૨૦/૧૪
કુલ–૧૬ કેસો

(૧) **<u>એલ.આર.સી.કેસ નં.૧/૧૪</u>**
ગુજ.હરીજન અમરીબેન ગોવિંદના વારસો
કિશનભાઈ ડાયાભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૨) **<u>એલ.આર.સી.કેસ નં.૨/૧૪</u>**
પુંજાભાઈ ભીમાભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૩) **<u>એલ.આર.સી.કેસ નં.૩/૧૪</u>**
ગુજ.આહેર નારણ મેયાના વારસ
ભુપત નારણભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૪) **<u>એલ.આર.સી.કેસ નં.૪/૧૪</u>**
ગુજ.ભાણા નાનજી કળીના વારસ
વિધવા માલુબેન ભાણાભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૫) **એલ.આર.સી.કેસ નં.૫/૧૪**
હરિજન જેઠા મીઠા
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૬) **એલ.આર.સી.કેસ નં.૬/૧૪**
(૧) કરશન બઘા
(૨) સોમા બઘા
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૭) **એલ.આર.સી.કેસ નં.૭/૧૪**
ગુજ.જીવન પીઠાના વારસ
વિધવા હીરુબેન જીવનભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૮) **એલ.આર.સી.કેસ નં.૧૦/૧૪**
ગુજ.સુતાર જીવરાજ લાખાના વારસ
નરોતમ જીવરાજ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૯) **એલ.આર.સી.કેસ નં.૧૧/૧૪**
આહીર પાલા લખમણ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૧૦) **એલ.આર.સી.કેસ નં.૧૩/૧૪**
કોળી ખોડુ લાખા સોલંકી
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૧૧) **એલ.આર.સી.કેસ નં.૧૪/૧૪**
ગુજ.વશરામ હમીર, દેવાત હીરા, પુંજા કાના,
વીરા રાજા, છૈયા રામસી, ભોજા કરણા જેઠા
રામસીના વારસો અને વહીવટકર્તા
(૧) રાણા રામ વશરામ
(૨) સીદી દેગણ દેવાત
(૩) મેસુર રાણા પુંજા
(૪) છગન ભાજા

(૫) પુંજા જેઠા
(૬) લખમણ કરણા
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે તમામ સીમર, તા.ઉના.

(૧૨) **એલ.આર.સી.કેસ નં.૧૫/૧૪**
(૧) ભગવાન દેવશી
(૨) સામત દેવશી
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૧૩) **એલ.આર.સી.કેસ નં.૧૬/૧૪**
ગુજ.જેસાભાઈ લાખાભાઈ કોળીના વારસો
હાજાભાઈ જેસાભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૧૪) **એલ.આર.સી.કેસ નં.૧૭/૧૪**
માલા ચીના કોળી તે વિપ્ર વૃજલાલ ભાઈશંકરની
જમીન ખરીદનાર
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૧૫) **એલ.આર.સી.કેસ નં.૧૯/૧૪**
વાસા ભગવાન કોળી
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના.

(૧૬) **એલ.આર.સી.કેસ નં.૨૦/૧૪**
ગુજ.ભીખા માંડણના વારસ
રાજા ભીખા કોળી
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે.સીમર, તા.ઉના. ....અરજદારો

વિરુધ્ધ

સ્ટેટ ઓફ ગુજરાત–થ્રુ
(૧) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી
જુનાગઢ જીલ્લો, નવી કલેકટર ઓફિસ
શશીકુંજ રોડ, સરદારબાગ પાછળ,

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ
બહુમાળી ભવન અનેક્ષી એસ–૩
ભાવનગર. ......સામાવાળાઓ

<u>: : – કોમન જજમેન્ટ – : :</u>

(૧) અરજદારોની અરજીઓની એવી હકીકત છે કે, જુનાગઢ જીલ્લા કાર્યપાલક ઈજનેરશ્રી ક્ષાર અંકુશ વિભાગ જુનાગઢ જીલ્લાના, ઉના તાલુકાના, સીમર ગામની, જુદા જુદા ખાનગી ખાતેદારોની સીમતળની જમીન ખડા બંધારા યોજના માટે સાર્વજનીક હેતુથી કાયમી ધોરણે સંપાદન કરવાની જરૂરી જણાતા કાર્યપાલક ઈજનેરશ્રી ક્ષાર અંકુશ વિભાગ વેરાવળનાએ તે અંગેની દરખાસ્ત કલેકટરશ્રી, જુનાગઢને કરતા જુનાગઢ જીલ્લા કલેકટરના હુકમથી જમીન સંપાદન ધારા તળે આગળની કાર્યવાહી કરવા માટે ડેપ્યુટી કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, જુનાગઢ જીલ્લા, જુનાગઢને આગળની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવેલો.

(૨) આથી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ, જમીન સંપાદન ધારા ૧૮૯૪ અન્વયે જમીન પ્રાપ્તી કેસ નં.૩/૯૩ માં તા.૨૩/૧/૧૯૯૫ ના રોજ એવોર્ડ જાહેર કરીને સીમર ગામના જુદા–જુદા ખેડુતોની જમીન સંપાદન કરવાનો હુકમ કરેલ. જમીન સંપાદન કેસ નં.૩/૯૩ અન્વયે જમીન સંપાદન અધિકારીશ્રીએ ખેડુતોને તેમની જમીન તથા તેમાં આવેલા બાંધકામ તથા ફળાઉ વૃક્ષો બાબતે જે વળતરની રકમ નકકી કરેલ, તે ખેડુતોને ગેર વ્યાજબી, અવાસ્તવીક, ઓછી અને અન્યાયી જણાતા જુદા–જુદા જમીન માલિકોએ લેન્ડ રેફરન્સ કેસ નં.૧/૧૪ થી ૭/૧૪ તથા ૧૦/૧૪ તથા ૧૧/૧૪ તથા ૧૩/૧૪ થી ૧૭/૧૪ તથા ૧૯/૧૪ તથા ૨૦/૧૪ ના જમીન સંપાદન ધારાની કલમ–૧૮ અન્વયે વધુ વળતર મેળવવા સંબંધે દાખલ કરેલા છે.

(૩) આ રેફરન્સ અરજીઓની ટુંકમાં વિગત નીચે પ્રમાણે છે.

(૪) અરજદારોની ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની જમીન, જમીન સંપાદન

કેસ નં.૩/૯૩ થી ખડા બંધારા યોજના માટે સાર્વજનિક હેતુથી કાયમી ધોરણે સંપાદન કરવામાં આવેલ, જે અંગેની જમીન સંપાદન ધારાની કલમ–૪ અન્વયેનું પ્રાથમિક જાહેરનામુ તા.૫/૬/૯૩ ના રોજ ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ અને કલમ–૬ અન્વયેનુ આખરી જાહેરનામુ તા.૧૮/૦૯/૯૩ ના રોજ ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. ત્યારબાદ હીત ધરાવતા આસામીઓને કલમ–૯ મુજબ નોટીસ કરવામાં આવેલી અને સીમર ગ્રામ પંચાયત કચેરી ખાતે હીત ધરાવનારાઓને રૂબરૂ સાંભળવામાં આવેલા અને ત્યારબાદ સીમર ગામે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ખેતીની જમીનના રજીસ્ટર્ડ થયેલા દસ્તાવેજ અને તે વેચાણોમાં ઉપજેલ કિંમત વિગેરે ધ્યાને લઈ, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ કલમ–૧૧ મુજબનો એવોર્ડ તા.૨૩/૦૧/૯૫ ના રોજ જાહેર કરેલ છે અને તે એવોર્ડ પ્રમાણે અરજદારોને તેઓની સંપાદીત થયેલ જમીનનું વળતર બારેત(જીરાયત) પ્રકારની જમીનના એક આરેના રૂા.૨૫૦/– તથા પીયત પ્રકારની એટલે કે, સિંચાઈવાળી જમીનના એક આરેના રૂા.૩૦૦/– વળતર આપવાનું ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ ઠરાવેલ.

(૫) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી દ્વારા જમીનની મંજુર કરવામાં આવેલ વળતરની રકમ ગેરવ્યાજબી, અન્યાયી અને અપુરતી છે તેમ જણાવીને જમીન માલિક/અરજદારોએ જમીન સંપાદન અધિકારીના એવોર્ડથી નારાજ થઈ તેમના વાંધાઓ કમ રેફરન્સ અરજી જમીન સંપાદન અધિકારીશ્રીએ આ રેફરન્સ અરજીઓ આગળની કાનુની કાર્યવાહીઓ કરવા માટે અત્રેની અદાલત તરફ મોકલી આપેલ છે.

(૬) અરજદારો તર્ફે તેઓની રેફરન્સ અરજીઓમાં મુખ્ય રજુઆતો એવી છે કે, અરજદારોની જમીન ખેતીની ફળદ્રુપ તથા બાગયતીની જમીન છે. એક આરેની કિંમત રૂા.૨,૦૦૦/– અરજદારો તરફથી માંગણી કરવામાં આવેલ હતી. અરજદારોને જમીન સંપાદન ધારા–૧૮૯૪ ની કલમ–૧૨(૨) મુજબની નોટીસ અરજદારોને બજાવવામાં આવેલ નથી, પરંતુ અરજદાર તરફથી એવોર્ડની ખરી નકલ તા.૫/૯/૯૫ ના રોજ માગવામાં આવેલ અને તા.૯/૯/૯૬ ના રોજ એવોર્ડની ખરી નકલ મળતા છ માસની અંદર એટલે કે, તા.૨૬/૯/૯૬ ના રોજ કલમ–૧૮ હેઠળની અરજીઓ દાખલ કરેલ છે. કલમ–૧૮(૧) તથા ૧૮(૨) મુજબ સમય મર્યાદામાં રેફરન્સ અરજી

દાખલ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારપક્ષે એવી તકરાર છે કે, અરજદારોની માંગણી કરતા તથા બજાર કિંમત કરતા ઓછુ વળતર કૃત્રીમ ધોરણ પર આધાર રાખી મનસ્વી રીતે મુકરર કરવામાં આવેલ છે.

(૭) વધુમાં અરજદાર પક્ષે એવી રજુઆત છે કે, તેઓની જમીન ફળદ્રુપ, ઉત્તમ પ્રકારની, કિંમતી અને સારી ઉપજ આપતી બાગાયત જમીન હતી. તેમ છતા જમીનનું તદન ઓછુ, મામુલી અને નજીવુ તથા બજાર કિંમત કરતા ઘણુ ઓછુ વળતર નકકી કરવામાં આવેલ છે, તેથી અરજદારો રેફરન્સ અરજીમાં જણાવ્યા મુજબની વધારાના વળતરની તથા સોલેશીયમની તથા વ્યાજની રકમ મેળવવા હકકદાર છે. વધુમાં અરજદારપક્ષે એવી રજુઆત છે કે, અરજદારોની સંપાદન કરવામાં આવેલી જમીનમાંથી થતી વાર્ષિક ચોખ્ખી આવક તથા ઉપજ, જમીનનો ચાલુ બજાર ભાવ વિગેરે ધ્યાનમાં લઈને વળતરની રકમ મુકરર કરવાને બદલે તદન હલકી જાતની જમીનનો ઈરાદાપુર્વક ઓછા ભાવે કે ઓછી કિંમતે લખેલા વેચાણ દસ્તાવેજો ઉપર આધાર રાખીને વળતરની ઓછી રકમ નકકી કરવામાં આવેલ હોય, કાયદાની દ્રષ્ટિએ પણ ગંભીર ભુલ કરવામાં આવેલ છે. જેથી એવોર્ડ ભુલભરેલો અને ખામીવાળો છે. વધુમાં અરજદારપક્ષે એવી રજુઆત છે કે, ખેત પેદાશો તથા જમીનો અને બાંધકામોના વધતા જતા ભાવ અંગે યોગ્ય અને પુરતી તપાસ કરવામાં આવેલ નથી, જેથી પણ એવોર્ડ ભુલભરેલો છે. જેથી અરજદારોને યોગ્ય વળતરની રકમ અપાવવા માંગણી કરેલ છે.

(૮) આ કામના અરજદારોની અરજીઓ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ આગળની ન્યાયીક કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં મોકલી આપતા આ અરજીઓ લેન્ડ રેફરન્સ કેસ રજીસ્ટરે નોંધી પક્ષકારોને કલમ–૨૦ અન્વયે નોટીસ કરતા, સામાવાળાઓને નોટીસની બજવણી થતા, સામાવાળાઓ તર્ફે એ.જી.પી.શ્રીએ એપીયરન્સ મેમો રજુ કરી હાજર થયેલા અને સામાવાળાઓ તર્ફે આંક–૬ થી વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં સામાવાળાઓ તર્ફે એવી તકરારો લેવામાં આવેલ છે કે, અરજદારોની અરજી કાયદેસરની અને ખરી નથી, આ સ્વરૂપમાં અરજી ચાલવાપાત્ર નથી, અરજી સમય મર્યાદા બહાર કરેલ હોય રદ થવા પાત્ર છે. આ અરજી અદાલતને ચલાવવા હકુમત હોવાનું કબુલ કરવામાં આવતુ નથી. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ અરજદારો તર્ફે રજુ લેખિત તેમજ મૌખિક વાંધાઓ લક્ષમાં લઈ યોગ્ય

અને વ્યાજબી વળતર નકકી કરી ચુકવવામાં આવેલ છે. વધુમાં સામાવાળા તર્ફે એવી રજુઆત છે કે, જમીન સંપાદન અધિકારીશ્રીએ પાંચસાલી વેચાણપત્રક, જમીનની સ્થળ સ્થિતિ, વાવેતર તેમજ બાંધકામ વિગેરે બાબતો લક્ષમાં લઈ જમીનની કિંમત નકકી કરવામાં આવેલ છે અને એવોર્ડ કરી નિયમાનુસાર વળતર ચુકવવામાં આવેલ છે તથા સોલેશ્યમ ચુકવવામાં આવેલ છે તથા કલમ–૨૩(૧–એ) અને કલમ–૨૩(૨) હેઠળ ચુકવવાની રકમ ઉપર અરજદાર વ્યાજ મેળવવા હકકદાર નથી તથા અરજદારની અરજીને જમીન સંપાદન ધારાની કલમ–૨૫ નો બાધ નડે છે તેમજ અરજદારે વધારે વળતર મળવાની માંગણી કરેલ છે તે ઉચીત કે વ્યાજબી નથી તેથી અરજી/માંગણી રદ કરવા સામાવાળાએ અરજ ગુજારેલ છે અને અંતે અરજદારોની અરજી ખર્ચ સહિત રદ કરવા અને સામાવાળાઓને અરજદારો પાસેથી ખર્ચ અપાવવા પોતાના વાંધા જવાબમાં સામાવાળાઓ પક્ષે અરજ ગુજારેલ છે.

(૯) આ કામે અરજદારપક્ષે પોતાની રેફરન્સ અરજીઓના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>	આંક
(૧) લે.રે.કે.નં.૧૪/૧૪ ના અરજદાર નં.૪ છગન ભોજાની જુબાની	

<u>દસ્તાવેજી પુરાવો :–</u>	આંક
(૧) લે.રે.કે.નં.૧૬૯૨/૯૯ ના ઠરાવની ખરી નકલ	૧૨
(૨) હાઈકોર્ટના ફર્સ્ટ અપીલ નં.૪૩૮૬/૦૭ થી ૪૩૯૫/૦૭ ના ઠરાવની ખરી નકલ	૧૩
(૩) સચિવશ્રી, ગુજરાત સરકારનો ચુકાદો સ્વીકાર્યાના પત્રની નકલ	૧૪
(૪) ૩/૯૩ એવોર્ડની ખરી નકલ	૫/૧
(૫) કલમ–૧૨/૨ ની નોટીસની ખરી નકલ	૫/૨
(૬) માપણી પત્રક પારા ૧૦૪ ની પ્રમાણીત નકલ	૫/૩
(૭) કબજા સોંપણીના રોજકામની પ્રમાણીત નકલ	૫/૪
(૮) કલમ–૧૮ ની અરજી રજુ કર્યાનો પત્ર	૫/૫
(૯) સંપાદન અધિકારીની શો કોઝ નોટીસ	૫/૬
(૧૦) શો કોઝ નોટીસનો જવાબ	૫/૭
(૧૧) નામદાર કોર્ટને સંબોધેલ પત્ર	૫/૮
(૧૨) નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટને સંબોધેલ પત્ર	૫/૯

(૧૦) આ કામે બંને પક્ષકારો તરફથી ઉપર મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ અરજદાર તથા સામાવાળા પક્ષે સંયુકત પુરસીસ રજુ થયા બાદ અરજદારપક્ષે આંક–૨૪ થી લેખિત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે તથા સામાવાળા તર્ફે એ.જી.પી.શ્રીને સાંભળ્યા.

(૧૧) ઉપર મુજબના પરસ્પર વિરોધી પક્ષ નિવેદનોને ધ્યાને લઈ મારા પુરોગામી વિ.ન્યાયાધિશશ્રીએ નીચ મુજબના મુદાઓ આ અરજી ના ન્યાયિક નિર્ણય અર્થે ઘડેલા છે.

–: ISSUES:-

(1) Whether the applicant proves that the compensation awarded is inadequate?

(2) If yes, what additional compensation the applicant is entitled to?

(3) Whether this application is in time?

(4) Whether this court has jurisdiction?

(5) What order and Award?

(૧૨) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

નિર્ણયો

(૧) અંશતઃ હકારમાં.

(૨) અંશતઃ હકારમા, આખરી હુકમ મુજબ.

(૩) નકારમાં.

(૪) હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ

(૧૩) ઉપરોકત નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

કારણો

આ કામે પક્ષકારો તર્ફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તે પહેલા અત્રે એ હકીકત નોંધવી જરૂરી જણાય છે કે, લેન્ડ રેફરન્સ કેસ નં.૧/૧૪ થી ૭/૧૪ તથા ૧૦/૧૪ તથા ૧૧/૧૪ તથા ૧૩/૧૪ થી ૧૭/૧૪ તથા ૧૯/૧૪ તથા ૨૦/૧૪ ના કેસો એકત્રીત કરી પુરાવો એક જ કેસમાં લેવા અરજદારપક્ષે આંક–૯ ની અરજી કરતા આ ૧૬ કેસો એક સાથે ભેગા કરી એટલે કે કોન્સોલીડેટ કરી સંયુકપણે ચલાવવાનો હુકમ કરેલ. આ ૧૬ કેસો એક જ જમીન પ્રાપ્તી કેસ નં.૩/૯૩ માંથી ઉદભવેલ છે, કેસોની હકીકત સમાન છે, પક્ષકારો પણ સમાન છે, કોર્ટ કાર્યવાહીમાં સમાનતા જળવાય તથા ચુકાદાઓમાં વિસંગતતા ન આવે અને સમયનો બચાવ થાય તે માટે આ તમામ કેસો ભેગા કરી બધા કેસોનું કોમન જજમેન્ટ આપવા તથા મેઈન કેસ નં.૧/૧૪ ના સાથે કેસ નંબર ૨/૧૪ થી ૭/૧૪ તથા ૧૦/૧૪ તથા ૧૧/૧૪ તથા ૧૩/૧૪ થી ૧૭/૧૪ તથા ૧૯/૧૪ તથા ૨૦/૧૪ ના કોન્સોલીડેટ કરી બધા કેસોમાં ભેગા એક જ પુરાવો રેકર્ડ કરવા અરજદારપક્ષે અરજ કરતા આ કામે અત્રેની અદાલતે અરજદારની અરજી મંજુર કરી લેન્ડ રેફરન્સ કેસ નં.૧/૧૪ થી ૭/૧૪ તથા ૧૦/૧૪ તથા ૧૧/૧૪ તથા ૧૩/૧૪ થી ૧૭/૧૪ તથા ૧૯/૧૪ તથા ૨૦/૧૪ ને એકત્રીત કરી સાથે રાખી લેન્ડ રેફરન્સ કેસ નંબર ૧/૧૪ ના કેસમાં પુરાવો નોંધવામાં આવેલ છે અને આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧૪) **મુદ્દા નં. ૧ અને ૨ : –**

આ કામે મુદા નં.૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી હકીકતોનું પુનરાવર્તન ટાળવા આ બંને મુદાઓની ચર્ચા સંયુકતપણે કરવામાં આવે છે.

આ કામે અદાલતે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી દ્વારા સંપાદીત જમીન અને તેમાંના બાંધકામનું જે વળતર નકકી કરી એવોર્ડ આપેલ છે તે એવોર્ડ ઉપર આ દિવાની અદાલતે અપીલ કોર્ટ તરીકે કોઈ કામગીરી કરવાની નથી, પરંતુ રેફરન્સ કોર્ટ કે ટ્રીબ્યુનલ કોર્ટ તરીકે આ અદાલતે વ્યાજબી અને પુરતુ વળતર શું હોઈ શકે તે પોતાની સમક્ષ રજુ થયેલ પુરાવાથી નકકી કરવાનું છે. પોતાની મિલ્કત પોતાની મરજી કે ઈચ્છા વિરૂધ્ધ ગુમાવનાર વ્યકિતને સાવ નિરમાલ્ય કે નજીવુ વળતર મળ્યુ છે તેવુ અહેસાસ ન થવો જોઈએ. વધુમાં એલ.એ.એકટ–૧૮૯૪ નો કાયદો અને ત્યારબાદ તેમાં કરવામાં

આવેલ ૧૯૮૪ ના સુધારા ધ્યાને લેતા, આ કાયદો જમીન માલિકોને અન્યાય ન થાય તે માટે તેમના હિતમાં જ ઘડવામાં આવેલો છે, તે બાબત પણ અદાલતે નજર સમક્ષ રાખીને નિર્ણય લેવો જોઈએ. વધુમાં રૂપિયાનું મુલ્ય દિવસે દિવસે ઘટતુ જાય છે. એટલે કે, નાણાંની ખરીદ શકિત કાળક્રમ ઘટતી જાય છે અને તેનુ અવમુલ્યાંકન થતુ જાય છે. જયારે સ્થાવર તથા જંગમ મિલ્કતોની કિંમત દિવસે દિવસે વધતી જાય છે તે પણ અદાલતે બજાર કિંમત નકકી કરતી વખતે ધ્યાને લેવી જોઈએ તેવી જ રીતે જમીનની હાલત, સ્થિતિ, સ્થળ, અંતર, પ્રકાર, વિસ્તાર, પ્રદેશ, ઉપલબ્ધ સગવડો, ભવિષ્યનો વિકાસ, અનેકવિધ ઉપયોગીતાની શકયતાઓ, સાનિધ્ય, અનુકુળતા, જમીન પિયત કે બીન પિયત છે તે તથા જમીન નવી શરતની છે કે જુની શરતની છે વિગેરે જમીનને લગતી બાબતો પણ જમીનની બજાર કિંમત નકકી કરતી વખતે અદાલતે ધ્યાને લેવી જરૂરી છે.

(૧૫) આ કામના અરજદારો તર્ફે આંક–૧૫ થી લેન્ડ રેફ.કેસ નં.૧૪/૧૪ ના અરજદાર છગન ભોજા, રહે.ખડા વાળાને તપાસવામાં આવેલ છે. આ સાહેદે સી.પી.સી.ઓ. ૧૮ રૂલ્સ–૪ અન્વયેની તેની લેખિત સોગંદનામા સ્વરૂપની સરતપાસમાં જણાવે છે કે, પોતાની ખેતીની જમીન એલ.એ.કયુ.કેસ નંબર ૩/૯૩ ના કામે સર્વે નંબર ૧૮ ની હે.આ.ચો.મી.૧–૪૫–૬૯ ની બારેત પ્રકારની તથા સર્વે નંબર ૧૯ ની હે.આરે.ચો.મી. ૦–૪૦–૫૦ ની બારેત પ્રકારની તથા સર્વે નંબર ૨૧ હે.આરે.ચો.મી. ૧–૪૭–૭૧ ની બારેત પ્રકારની તથા સર્વે નંબર ૭૫૬ ની હે.આરે.ચો.મી. ૨–૨૦–૧૦ ની બારેત પ્રકારની તથા સર્વે નંબર ૭૬૦ હે.આરે.ચો.મી. ૦–૪૯–૩૫ ની બારેત પ્રકારની તથા સર્વે નંબર ૭૬૨ હે.આરે.ચો.મી. ૩–૯૦–૫૨ ની બારેત પ્રકારની તથા સર્વે નંબર ૭૭૨ હે.આરે.ચો.મી. ૩–૨૦–૭૨ ની પીયત પ્રકારની તથા સર્વે નંબર ૭૭૩ હે.આરે.ચો.મી. ૧–૮૨–૧૧ ની બારેત પ્રકારની સરકારશ્રીએ ખડા બંધારા યોજનાના કામે એલ.એ.કયુ.કેસ નંબર ૩/૯૩ થી કાયમી ધોરણે સંપાદન કરેલ છે. આ સંપાદન થયેલ જમીનનું જમીન સંપાદન ધારા–૧૮૯૪ ની કલમ–૪(૧) મુજબનું પ્રાથમિક જાહેરનામુ તા.૧/૭/૯૩ ના રોજ બહાર પાડેલા અને સ્થળ ઉપર તા.૫/૮/૯૩ ના રોજ પ્રસિઘ્ઘ કરેલ છે અને તેનો આખરી એવોર્ડ તા.૨૩/૧/૯૫ ના રોજ બહાર પાડેલ છે. અરજદારો તર્ફે એવી રજુઆત છે કે આ એવોર્ડની જાણ તેઓને કરવામાં આવેલ નથી, પરંતુ અરજદારો તરફથી એવોર્ડની ખરી નકલ તા.૫/૯/૯૫ ના રોજ માગવામાં આવેલ અને તેઓને તા.૯/૯/૯૬ ના

રોજ એવોર્ડની ખરી નકલ મળતા છ માસની અંદર એટલે કે તા.૨૬/૯/૯૬ ના રોજ કલમ–૧૮ હેઠળની અરજીઓ દાખલ કરેલ છે, જેથી અરજીઓને મુદતનો બાધ નડતો નથી.

(૧૬) વધુમાં અરજદાર સાહેદો તેની જુબાનીમાં જણાવે છે કે, સામાવાળાએ એવોર્ડમાં પીયત પ્રકારની જમીનનાં રૂા.૩૦૦/– અને જીરાયત (બીનપીયત) જમીનનાં રૂા.૨૫૦/– મુજબ વળતર નકકી કરેલ છે. આ વળતર રકમ ખુબ જ ઓછી છે. અરજદારોએ વળતરની રકમ વાંધા સાથે સ્વીકારેલ છે. વધુમાં સાહેદ તેની જુબાનીમાં જણાવે છે કે, તમામ અરજદારોની સંપાદન થયેલ જમીન મેં જોયેલ છે, બધી જમીનો બાજુબાજુમાં ખેડવાણ પ્રકારની ખેતીલાયક અને બજાર કિંમત અને ફળદ્રુપતામાં એકસરખી આવેલ છે. હું જન્મથી ખડા ગામે રહુ છુ, જ્ઞાતિનો તથા ગામનો આગેવાન છુ. ખડા બંધાર યોજનામાં સંપાદન થયેલ તમામ જમીનો મેં જોયેલ છે. જ.પ્રા.કેસ નં.૧૬/૯૨ લે.રે.કેસ નં.૧૬૯૨/૯૯ ના અરજદાર ખેડુતોની જમીનો મેં જોયેલ છે. આ તમામ જમીનો સીમર ગામની સીમની છે, બધી જમીનો બજાર કિંમત અને ઉત્પાદનમાં એકસરખી આવેલ છે.

(૧૭) વધુમાં સાહેદો તેની જુબાનીમાં આંક–૧૨ થી લે.રેફ.કેસ નંબર ૧૬૯૨/૯૯ ના ગ્રુપનું જજમેન્ટ રજુ કરે છે, જેમાં વેરાવળનાં નામ.પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ સાહેબે બાગાયત પ્રકારના એક આરેના રૂા.૨,૦૦૦/– અને જીરાયત પ્રકારની જમીનના એક આરેના રૂા.૧,૫૦૦/– વધારાનું વળતર ઠરાવવામાં આવેલ છે અને આ કામે ફર્સ્ટ અપીલ નં.૪૩૮૬/૦૭ થી ૪૪૯૫/૦૭ થી અપીલો દાખલ થયેલી જે તા.૨૮/૦૧/૨૦૦૯ ના રોજ નામ.ગુજ.હાઈકોર્ટે ડીસમીસ કરેલ જે આ કામે આંક–૧૩ થી અરજદાર તર્ફે રજુ કરવામાં આવેલ છે અને આ ચુકાદો સરકારશ્રી દ્વારા સ્વીકારી લેવામાં આવેલ છે, જેનો પત્ર આ કામે આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ છે. તેમજ અરજદારો તથા સાહેદો તરફથી મૌખિક તથા લેખિત પુરાવાઓ રજુ કરેલ છે, જેમાં આંક–૧૫ માં અરજદારો સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપીને સંપાદન થતી જમીન અને આ કામે આંક–૧૨ થી રજુ કરેલ જજમેન્ટ વાળી જમીન એક ગામની અને એક જ યોજનાની હોવાનું જણાવેલ છે.

(૧૮) વધુમાં અરજદાર સાહેદ તેની જુબાનીમાં જણાવે છે કે, આંક–૧૨ વાળા વેરાવળ કોર્ટનાં જજમેન્ટ સામે નામ.ગુજ.હાઈકોર્ટમાં અપીલ દાખલ થયેલી હતી. આ અપીલો ડીસમીસ થયેલ ચુકાદામાં અરજદારોને રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ. આ ચુકાદો સામાવાળાએ સ્વીકારી લીધેલ હોય તે મુજબનું અરજદારોને વળતર પણ મળી ગયેલ છે. જેથી આંક–૧૨ ના જજમેન્ટ મુજબ અરજદારો જમીનનું વળતર મેળવવા હકકદાર બનેલ છે.

(૧૯) વધુમાં અરજદાર સાહેદ તેની જુબાનીમાં જણાવે છે કે, તેમના ગામમાં તેમજ આજુબાજુના ગામમાં અને લગભગ દરેક જગ્યાએ સ્ટેમ્પ ડયુટીમાં ફાયદો મેળવવા માટે ખેતીની જમીનોના દસ્તાવેજમાં બજાર કિંમત એટલે કે, અવેજની રકમ ખુબ જ ઓછી દર્શાવવામાં આવતી હોય છે અને તેમ કરીને આર્થિક ફાયદો મેળવતા હોય છે. તેથી વેચાણ દસ્તાવેજ ખુબ જ ઓછી રકમના થાય છે. તેથી મોટાભાગના વેચાણ વહેવારો આ દુષણથી મુકત હોતા નથી. વેચાણ વહેવારોમાં ગરજાઉ પ્રકારની તથા વાદવાળી અને નબળા પ્રકારની અને રસ્તાની અગવડતા વાળી જમીનોના વેચાણ થતા હોય છે. જેથી પણ આ જમીનોના ઓછી રકમના દસ્તાવેજો થયેલા હોય છે. જેથી વાસ્તવીક બજાર કિંમત વેચાણ દસ્તાવેજોથી રેકર્ડ ઉપર આવી શકતી નથી.

(૨૦) આ કામે અરજદારપક્ષે આંક–૧૨ થી રજુ કરેલ એલ.આર.સી.કેસ નંબર ૧૬૯૨/૯૯ ના ગ્રુપ કેસોનું નામ.વેરાવળનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબે તા.૩૦/૦૯/૨૦૦૫ ના રોજ આપેલ કોમન જજમેન્ટ ધ્યાને લઈએ તો, તે **ખડા બંધાર યોજના માટે** ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ **એલ.એ.કયુ.કેસ નંબર ૧૬/૯૨** ના કામે સંપાદીત કરેલ જમીન બાબતે ઉપસ્થિત થયેલ એલ.આર.સી.કેસ નંબર ૧૬૯૨/૯૯ નું કોમન જજમેન્ટ છે. આ જજમેન્ટ ધ્યાને લઈએ તો, એલ.આર.સી.કેસ નંબર ૧૬૯૨/૯૯ ના કામે કલમ–૪(૧) મુજબનું પ્રાથમિક જાહેરનામુ તા.૨૬/૮/૯૩ ના રોજ અને કલમ–૬ અન્વયેનું જાહેરનામુ તા.૭/૧૦/૯૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલુ છે અને કલમ–૯ મુજબ જમીન ધારકોને નોટીસ બજાવી તેઓને સાંભળવામાં આવેલ છે અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ કલમ–૧૧ મુજબ તેમનો ફાઈનલ એવોર્ડ તા.૨૬/૯/૯૪ ના રોજ જાહેર કરેલ છે. જયારે આ અદાલતના આ હાથ ઉપરના આ ગ્રુપ

કેસોના કામના અરજદારોની જમીન **ખડા બંધાર યોજના** માટે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ **એલ.એ.કયુ.કેસ નંબર ૩/૯૩** થી સંપાદીત કરેલ છે અને આ કામે કલમ–૪(૧) મુજબનું પ્રાથમિક જાહેરનામુ તા.૧/૭/૯૩ ના રોજ બહાર પાડેલ છે. આમ બંને જાહેરનામા એક જ સમયના છે, જેથી અરજદારોએ બાગાયત પ્રકારની જમીનના એક આરેના રૂા.૨૦૦૦/– અને જીરાયત પ્રકારની જમીનના એક આરેના રૂા.૧૫૦૦/– થાય તે મુજબ અરજદારો વળતર મેળવવા હકકદાર છે તેવી રજુઆત કરેલ છે.

(૨૧) આમ, અરજદારપક્ષના સાહેદોનો પુરાવો ઘ્યાને લેતાં તેઓ આ જમીનના માલિકો અને કબજેદાર હોવાનું જણાય છે. વધુમાં આ ગામોની જમીનોની ઉત્પાદકતા અને સ્થળ સ્થિતિ એકસરખી છે અને આ જમીનો એક જ યોજના માટે કાયમી માટે સંપાદીત કરવામાં આવેલ છે અને આંક–૧૨ ના ચુકાદાવાળી તથા આ કામની જમીનો સરખા પ્રકારની આવેલ છે તેવી હકીકત અરજદારપક્ષે રજુ કરેલ પુરાવામાં બહાર આવે છે. આ અંગે **૧૯૯૭(૨) જી.એલ.એચ.પેઈજ નં.૭૭૩, સ્પે.લે.એકવી.ઓફિસર વિ. મોતીભાઈ મોહનભાઈ તથા LACC 1992 S.C. Page–603 તથા GLH 1998(1)(UJ)Page–12** નો કેસ લો વંચાણે લઈએ તો, સંપાદીત થયેલ જમીનની વળતરની કિંમત નકકી કરવા માટે સંપાદીત થયેલ જમીનની એક જ ગામ તેમજ બાજુના ગામોમાં આવેલ જમીન અંગે જે એવોર્ડ આપવામાં આવેલો તેના ઉપર આધાર રાખીને વળતરની રકમ નિર્ણિત કરી શકાય તે અંગેના સિઘ્ધાંતો લક્ષમાં લેવામાં આવેલ હતા. આમ, હાલના કેસમાં સદર કેસ લો માં જણાવેલ સિઘ્ધાંતો સંપુર્ણપણે લાગુ પડે છે.

(૨૨) વધુમાં **એ.આઈ.આર.૨૦૧૧, સુપ્રિમ કોર્ટ, પેઈજ નં.૩૦૦૧, ફીદાહુસેન અને બીજા વિ. મોરાદાબાદ ડેવલપમેન્ટ ઓથોરીટી અને બીજા** વાળા ચુકાદામાં નામ.સુપ્રિમ કોર્ટની ડીવીઝન બેન્ચે એવુ સ્પષ્ટ ઠરાવેલ છે કે, "એક જ નોટીફીકેશન નીચે, એક જ ગામની જમીન સંપાદીત કરવામાં આવી હોય અને તેને પડકારવામાં આવે તો તેવા સંજોગોમાં તે નોટીફીકેશન અન્વયે અગાઉ સંપાદીત થયેલી જમીન અંગેનું કોર્ટનુ અગાઉનું જજમેન્ટ પછીના કેસમાં બંધનકર્તા ગણાશે." આ કામે

પણ સરકારશ્રીએ આંક–૧૨ વાળા ચુકાદામાં ખડા બંધાર યોજના માટે જમીન સંપાદીત કરેલ છે અને આ અદાલતના હાથ ઉપરના આ કેસમાં પણ સરકારશ્રીએ ખડા બંધાર યોજના માટે જમીન સંપાદીત કરેલ છે, તેથી નામદાર સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો અત્રેની આ અદાલતના હાથ ઉપરના આ કેસને લાગુ પાડી શકાય.

(૨૩) વધુમાં આ કામે અરજદારપક્ષે રજુ કરેલ આંક–૧૨ નો દસ્તાવેજ ધ્યાને લઈએ તો આ જજમેન્ટ વિરૂધ્ધ સામાવાળાએ કોઈ અપીલ દાખલ કરેલ નથી. આંક–૧૨ ના જજમેન્ટમાં જમીનની વળતરની જે કિંમત નકકી કરેલ છે તેને માન્ય રાખેલ છે. જેથી આંક–૧૩ નો ચુકાદો આખરી બનેલ છે. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે એ.આઈ.આર.૧૯૯૧, સુપ્રિમ કોર્ટ, પેઈજ નં.૨૦૨૭** વાળા ચુકાદામાં જમીનની બજાર કિંમત નકકી કરવા માટે અલગ અલગ પધ્ધતિઓ ઠરાવેલ છે. જેવી કે, (૧) સરખા સમયે સરખી જમીનના શુધ્ધ બુધ્ધિ પુર્વક વાસ્તવીક બજાર કિંમત મુજબ થયેલ વેચાણ (૨) સંપાદન થતી જમીનમાંથી વાર્ષિક ઉપજમાંથી થતી આવકમાંથી ખેતી ખર્ચ બાદ કરી જે ચોખ્ખી વાર્ષિક ઉપજની આવક થાય તે મુજબ (કેપીટલાઈઝેશન મેથડ) (૩) નિષ્ણાંતોનો પુરાવો અને (૪) એકસરખી જમીન અંગે અગાઉ આપવામાં આવેલ જજમેન્ટ તથા એવોર્ડ વિગેરે ધ્યાને લેવામાં આવે છે. આ કામના અરજદારો અગાઉના જજમેન્ટ મુજબ વળતર ચુકવવા માટે માંગણી કરે છે. જે જમીનમાં કુવો આવેલો હોય તે જમીનને નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લઈ પીયત પ્રકારની જમીન ઠરાવેલ છે. આ કામે જમીન સંપાદન અધિકારીશ્રીએ સીમર ગામની તમામ જમીનો બાગાયત એટલે કે, પીયત પ્રકારની હોવા છતાં તેને જીરાયત એટલે કે બીન પીયત ઠરાવેલ છે. અરજદારપક્ષે આ જમીનોને બાગાયત માની તે મુજબ વળતર આપવા અરજ કરેલ છે. આ કામે **૧૯૯૧ એલ.એ.સી.સી.પેઈજ નં.૨૯૩** વાળા ચુકાદામાં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, જે સર્વે નંબરમાં કુવો તથા પીયતની અન્ય કોઈ સગવડ હોય તો તે સર્વે નંબર વાળી જમીનને પીયત પ્રકારની જમીન ગણાય અને તે મુજબ તેનુ વળતર નકકી થવુ જોઈએ. આમ અરજદારો તર્ફે તેના વિ.વકીલશ્રીની ઉપરોકત દલીલો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટો ધ્યાને લેવા તથા ઉપરોકત સર્વે નંબરોવાળી જમીનો પીયત પ્રકારની હોય તેવુ ધ્યાને લેવા અરજ કરેલ છે અને તે પ્રમાણે વળતરનો હુકમ ચુકવવો જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૨૪) આમ, અરજદારપક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં તેમજ જમીન સંપાદન અધિકારીશ્રી દ્વારા વળતરની જે રકમ નકકી કરવામાં આવેલ છે તેની સામે આ જ યોજના માટે તે જ સમયમાં બીજા ગામની જમીન સંપાદન કરવામાં આવેલ હતી તેમાં જે હુકમ થયેલ તેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થયેલ અને અપીલના કામે જે રકમ નકકી કરવામાં આવેલી તે સામાવાળાઓએ સ્વીકારી લીધેલ હોય જેથી હવે તે રકમ બાબતે કોઈ તકરાર રહેતી નથી અને તે મુજબ જમીનનું વળતર મેળવવા અરજદારો હકકદાર બને છે.

(૨૫) વધુમાં **એ.આઈ.આર.૨૦૦૧, સુપ્રિમ કોર્ટ પેઈજ નં.૩૬૯૨, સુંદર વિ. યુનીયન ઓફ ઈન્ડીયા** વાળા ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ સ્પષ્ટ ઠરાવેલ છે કે, કલમ–૨૩(૨) મુજબ ફરજીયાત સંપાદનના કારણે સોલેશ્યમની રકમ અને તેના ઉપર ૯ ટકા લેખે વ્યાજ ચુકવવા રાજય જવાબદાર છે. વધુમાં આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે, કલમ–૨૮ મુજબ કલેકટરશ્રીએ ધ્વીસ્તરીય વ્યાજ ચુકવવા જવાબદાર છે. પ્રથમ તબકકો જયારે જમીનનો કબજો લેવામાં આવે ત્યારથી પ્રથમ એક વર્ષ માટે વાર્ષિક નવ ટકા લેખે અને ત્યારબાદ જો એક વર્ષના ગાળામાં એવોર્ડની રકમ ચુકવવામાં આવી ન હોય તો ત્યારબાદ વ્યાજનો દર વાર્ષિક પંદર ટકા લેખે ચુકવવાનો રહેશે. આમ નામદાર સુપ્રિમ કોર્ટનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં આ કામના અરજદારો કલમ–૨૩(૨) મુજબની ત્રીસ ટકા લેખે સોલેશ્યમ (રહેમદીલી વળતર) ની રકમ વધારાના વળતર તરીકે તથા તે ઉપર મુજબ વ્યાજ મેળવવા પણ હકકદાર બને છે. કલમ–૨૩(૧એ) મુજબ કલમ–૪ મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી ૧૨ ટકા વાર્ષિક દરથી વધારાની રકમ પણ વળતર તરીકે મેળવવા અરજદારો હકકદાર બને છે.

(૨૬) આ કામે અરજદાર તર્ફે બંધપાળા વિગેરેની બજાર કિંમત તેમજ અન્ય નુકશાનીઓની માંગણી અરજદારોએ તેમની કલમ–૧૮ અન્વયેની આંક–૧ ની અરજીઓમાં કરેલ છે. પરંતુ આ બાબતે અરજદાર પક્ષે તપાસેલ આંક–૧૫ ના સાહેદો તેમની જુબાનીમાં કોઈ જ હકીકત જણાવતા નથી. તેમજ તે અંગે કોઈ જ વળતરની માંગણી પણ કરતા નથી. તેથી આ કાયમી કે અસ્થાયી કાચા તથા પાકા બાંધકામ અંગે અરજદારો કોઈ વળતરની રકમ મેળવવા હકકદાર થતા નથી, પરંતુ જુબાની અને આંક–૧ ની

અરજીઓમાં જણાવ્યા મુજબના જમીન પુરતુ જ અરજદારોને વળતર મળવાપાત્ર થાય છે. આમ, ઉપર મુજબ વધારાના વળતરની રકમ મેળવવા અરજદારો હકકદાર બનતા હોય, મુદા નં.ર સાબિત કરવામાં અરજદારો અંશતઃ સફળ થાય છે, તેથી મુદા નં.ર નો નિર્ણય અરજદારોની તરફેણમાં અંશતઃ હકારમાં આપવામાં આવે છે.

(ર૭) **મુદા નં.૩ :–**

આ કામે અરજદારોએ તેમની આંક–૧ ની અરજીમાં તથા અરજદારોના સાહેદે તેમની આંક–૧૫ ની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામે કલમ–૧૧ મુજબનો એવોર્ડ તા.ર૩/૧/૯૫ ના રોજ એકતરફી જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ કલમ–૧ર(ર) મુજબની કાયદેસરની નોટીસ અરજદારોને બજાવવામાં આવેલ નથી. ત્યારબાદ અરજદારોએ એવોર્ડની ખરી નકલ મેળવી તા.ર૬/૯/૯૬ ના રોજ તેમનો આ રેફરન્સ કેસ જમીન સંપાદન અધિકારી સમક્ષ રજુ કરી દીધેલ છે. આ કામે સામાવાળા તર્ફે આંક–૬ થી તેના વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ આંક–૬ ના વાંધા જવાબના પેરા–૩ માં આ રેફરન્સ અરજીઓ અરજદારોએ સમય મર્યાદામાં રજુ કરેલ નથી તેવી તકરાર લીધેલ છે. આમ આ હકીકત બાબતે અરજદારપક્ષનો આ કેસ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે કે કેમ તે અંગે જોવામાં આવે તો સામાવાળા તર્ફે આંક–ર૫ થી આધાર લીસ્ટ રજુ કરેલ છે, જેની સાથે આંક–ર૬ થી આંક–૪ર સુધી તેમની કચેરીના આ જમીન સંપાદન વખતે થયેલ રોજકામથી લઈ અને ફોર્મ–ગ સુધીના તમામ વિધિ અંગેના આધારો રજુ કરેલ છે અને તેની સાથે આંક–૪૩ થી ટુંકમાં તેને લગત વિગત દર્શાવતી દલીલ રજુ કરેલ છે. જેમાં આંક–ર૬ થી રોજકામ રજુ કરેલ છે, જેમાં ખાતેદારોને કલમ–૪ ના જાહેરનામા માટે સાંભળવા માટે બોલાવેલ હોય અને તે વખતે થયેલ રોજકામની આ નકલ છે. જેમાં રોજકામમાં એવી હકીકત જણાવેલ છે કે, સંપાદીત થતી જમીનમાંથી મકાન, કુવા, મશીનરૂમ, બંધબારા, ઝાડ, ફળઝાડ કપાત થતા નથી તેમજ આંક–ર૭ થી પત્રક–બ રજુ કરવામાં આવેલ છે, તે સિવાય તા.ર૫/૮/૯૫ નો કબજા સોંપણીનું રોજકામ રજુ કરેલ છે તથા આંક–૩૫ થી જમીન સંપાદન ધારાની કલમ–૧ર(ર) મુજબની નોટીસ અરજદારોને બજાવ્યા અંગેની પત્રકની નકલ રજુ કરેલ છે તેમજ આંક–૩૬ થી રહી ગયેલ પક્ષકારોને કબજા સોંપણીનું રોજકામ તા.૧૦/૭/૯૬ નુ પત્રક રજુ કરેલ છે. તે સિવાય અમુક અરજદારોએ તેઓના પાવર ઓફ એટર્નીએ આ જમીન સંપાદન થયા બાબતે થયેલ

ચુકવણુ સ્વીકારવા અંગેનુ કુલમુખત્યારનામુ રજુ કરેલ છે. સરકારપક્ષે એવી રજુઆત છે કે, એવોર્ડની જાણ અરજદારોને કરવામાં આવેલ છે. તા.૨૫/૮/૯૫ થી ૧૦/૭/૯૬ ના રોજ સુધી તેઓ પાસેથી કબજા સોંપણી અંગેનુ રોજકામ પણ આ કામે રજુ રાખેલ છે. આ હકીકત સામે અરજદારપક્ષે એવી રજુઆત છે કે, માત્ર એવોર્ડની જાણ કરવાથી અરજદારો આ રેફરન્સ અરજી દાખલ કરી શકતા નથી, તેઓને આ એવોર્ડની નકલ આપવાની જવાબદારી જમીન સંપાદન અધિકારીની છે. આ કામમાં અરજદારોની ગેરહાજરીમાં લેખિત જાણ કર્યા વગર એકતરફી એવોર્ડ જાહેર કરેલ હોય જેથી તેઓને આ હકીકતની જાણ થતા એવોર્ડની નકલ માટે તેઓએ તા.૫/૯/૯૫ ના રોજ અરજી કરેલી, જેની ખરી નકલ તેઓને તા.૯/૯/૯૬ ના રોજ મળતા તેઓએ તા.૨૬/૯/૯૬ ના રોજ રેફરન્સ અરજીઓ દાખલ કરેલ છે, જેથી અરજી મુદતમાં છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓએ આ રેફરન્સ અરજી દાખલ કરી દીધેલ હોવા છતા કલેકટર કચેરીમાંથી આ રેફરન્સ અરજીઓ નામદાર કોર્ટ સમક્ષ પણ મોકલવામાં આવેલી ન હતી અને ૧૩ વર્ષના લાંબા સમયગાળા બાદ અરજીઓ કોર્ટમાં મોકલવામાં આવેલ. જે બાબતે ગરીબ ખાતેદાર ખેડુતોનો કોઈ વાંક ન હતો. આ હકીકત અંગે જોવામાં આવે તો મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આ રેફરન્સ અરજીઓ રજુ થતા તે બાબતે તા.૫/૯/૧૪ ના રોજ સમય મર્યાદાનો મુદો હકીકત તથા કાયદાનો સંયુકત મુદો હોય જેથી તેને સાંભળવાની તક આપ્યા બાદ નકકી થઈ શકે તેવા અવલોકન સાથે આ અરજીઓ કામમાં દાખલ લેવા હુકમ કરેલ છે. જેથી આ અંગે વધુ કોઈ ચર્ચા કરવાની રહેતી નથી, પરંતુ અરજદારોને એવોર્ડની જાણ સાથે તેઓને એવોર્ડની નકલ પુરી પાડવામાં આવેલ હતી કે કેમ તે અંગે જોવામાં આવે તો સામાવાળા તર્ફે આંક–૨૬ થી ૪૨ ના જે આધારો રજુ કરેલ છે, જેમાં અરજદારોને કલમ–૧૨(૨) ની નોટીસથી એવોર્ડની જાણ થયેલ છે અને તે પત્રકમાં તેની સહી હોવા બાબતેનો આધાર રજુ કરેલ છે જે આંક–૩૫ થી રજુ છે. વધુમાં આ અંગેના ન્યાયિક નિર્ણય માટે કાનુની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જમીન સંપાદન ધારા ૧૮૯૪ ની કલમ–૧૮(૨)(એ) મુજબ જયારે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો હોય ત્યારે અરજદાર કે તેઓના વકીલ હાજર હોય તેવા સંજોગોમાં કલેકટરને એવોર્ડની તારીખથી ૬ અઠવાડીયામાં કલમ–૧૮ મુજબની રેફરન્સ અરજી કોર્ટના નિર્ણય માટે કલેકટર સમક્ષ રજુ કરવી જોઈએ. જયારે કલમ–૧૮(૨)(બી) મુજબ કાનુની જોગવાઈ ધ્યાને લઈએ તો કલેકટર દ્વારા જમીન માલિકોને આપવામાં આવતી કલમ–૧૨(૨)

મુજબની નોટીસ મળ્યાથી ૬ અઠવાડીયામાં અથવા તો કલેકટર દ્વારા કલમ–૧૧ મુજબ એવોર્ડ જાહેર કર્યા તારીખથી ૬ મહીના પૈકી જે સમય વહેલો પુરો થતો હોય તે સમયગાળામાં અરજદારોએ તેમની રેફરન્સ અરજીઓ કોર્ટના નિર્ણય માટે ખાસ જમીન સંપાદન અધિકારી સમક્ષ રજુ કરી દેવી જોઈએ.

(૨૮) આ કામે ખાસ જમીન સંપાદન અધિકારીએ કલમ–૧૧ નો એવોર્ડ તા.૨૩/૧/૯૫ ના રોજ બહાર પાડેલ છે, જયારે કલમ–૧૨(૨) મુજબની નોટીસો અરજદારોને બજાવ્યા અંગેનુ પત્રક સામાવાળા તર્ફે રજુ થયેલ છે. આ હકીકત અંગે કાયદાકીય રીતે જોવામાં આવે તો **૨૦૧૨, લો સ્યુટ (એસ.સી.) ૨૧૪ ના પ્રેમજી નથુ વિ. ગુજરાત રાજય**ના તા.૯/૪/૧૨ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે **ભગવાનદાસ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ, ૨૦૧૦(૩) એસ.સી.સી.૫૪૫** માં કલમ–૧૮ નું ઈન્ટરપ્રીટેશન રજુ કરેલ છે. જેમાં ૧) જો એવોર્ડ કોઈ હિત ધરાવનાર વ્યકિત અથવા તેના પ્રતિનિધિની હાજરીમાં જાહેર કરવામાં આવેલ હોય તો તેણે ખાસ જમીન સંપાદન અધિકારીને એવોર્ડથી છ અઠવાડીયામાં અરજી કરવી જોઈએ. ૨) અગર કોઈ હિત ધરાવનાર વ્યકિત કે તેના પ્રતિનિધિની હાજરીમાં એવોર્ડ જાહેર કરવામાં આવેલ ન હોય તો તેણે ખાસ જમીન સંપાદન અધિકારી તર્ફે કલમ–૧૨(૨) તળે નોટીસ મળ્યેથી છ અઠવાડીયામાં રેફરન્સની અરજી દાખલ કરી દેવી જોઈએ. ૩) અગર કોઈ હિત ધરાવનાર વ્યકિત કે તેના પ્રતિનિધિ એવોર્ડ જાહેર થાય ત્યારે હાજર ન હોય અને તેને કલમ–૧૨(૨) નીચે નોટીસ પણ મળેલ ન હોય તો તેને એવોર્ડની હકીકતની જાણ થયેથી છ મહીનામાં કરવાની રહે છે. ૪) અગર કોઈ હિત ધરાવનાર વ્યકિત કલમ–૧૨(૨) નીચે નોટીસ મેળવે અને તેના છ અઠવાડીયા વીત્યા બાદ એવા ગ્રાઉન્ડ ઉપર કે કલમ–૧૨(૨) નીચેની નોટીસમાં માત્ર તેને એવોર્ડની વિગતની જાણ થયેલી. જેથી એવોર્ડની જાણ થયેથી છ મહીનાનો લાભ અરજી કરવા માટે મળી શકે નહી. ત્યારબાદ કોર્ટે ઠરાવ્યુ કે જયારે હિત ધરાવનાર વ્યકિત આ રેફરન્સ અરજી દાખલ કરવા માટે છ મહીના માટેનો લાભ લેવા માંગતો હોય તો શરૂનો બોજો તેના પર હોય કે એવોર્ડ જયારે જાહેર થયેલ ત્યારે તે હાજર ન હતો અને તેને કલમ–૧૨(૨) મુજબની નોટીસ મળેલ નથી અને છ માસ દરમ્યાન તેને એવોર્ડની વિગતની કોઈ જાણકારી ન હતી તેમ પુરવાર કરવુ પડે. અગર તો કોઈ વ્યકિત આ બોજો ડીસ્ચાર્જ કરી શકે ત્યારે જમીન સંપાદન કલેકટર

ઉપર આ બોજો આવે છે કે તેને બતાવવાનુ રહે કે હિત ધરાવનાર વ્યકિત જયારે એવોર્ડ જાહેર થયો ત્યારે તે હાજર હતો અથવા તો કલમ–૧૨(૨) નીચેની નોટીસ તેણે મેળવેલ છે અથવા તો એવોર્ડની વિગતની તેને જાણકારી હતી. આમ હિત ધરાવનાર વ્યકિતને એવોર્ડના વિગતની જાણકારી હતી તે પ્રથમ બતાવવાની જવાબદારી કલેકટરની રહે છે, જેમાં તેણે સાબિત કરવાનું રહે છે કે, હિત ધરાવનાર વ્યકિતએ વળતરની રકમ મેળવી લીધેલ છે અથવા તો તેની મિલ્કતનો કબજો સોંપાયો હોય અને તે બાબતે કોઈ રાજકામ થયેલ હોય, આમ ઉપરોકત ચુકાદાની વિગત ધ્યાને રાખી હાથ પરના કેસની હકીકત જોવામાં આવે તો સામાવાળા તર્ફે આંક–૨૫ થી જે આધાર લીસ્ટ રજુ કરેલ છે તેમાં આંક–૨૬ થી તા.૧૮/૧૧/૯૩ ના રોજ ગ્રામ પંચાયત કચેરીમાં અરજદારોને કલમ–૪ ના જાહેરનામા બાબતે સાંભળવા બોલાવેલ તે મતલબનું રોજકામ છે તેમજ આંક–૨૭ થી પત્રક–બ રજુ કરેલ છે, જેમાં સીમર ગ્રામ પંચાયતની કચેરીએ તા.૧૮/૧૧/૯૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં હાજર ખાતેદારોએ વળતરની રકમ અંગે પોતાના તરફથી કોઈ રજુઆત કરેલ નથી અને સરકારશ્રીના ધારાધોરણ મુજબ વળતર મળવા અંગે રજુઆત કરેલ છે. જેથી તે કચેરીથી બહાર પાડવામાં આવેલ જ.પ્રા.કેસ નં.૧૬/૯૨ તથા ૨/૯૩ ના કેસમાં નકકી કરેલ કિંમત ધ્યાને લઈ વળતરની રકમ નકકી કરવાનું ઠરાવેલ છે. તેમજ અરજદાર તર્ફે આંક–૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪ થી અરજદારોએ વળતરની રકમ મેળવવા બાબતે કરી આપેલ મુખત્યારનામાની નકલો રજુ છે, જે મુખત્યારનામા તા.૧૯/૮/૯૫ થી ૩૧/૮/૯૫ ના છે તેમજ સામાવાળા તર્ફે આંક–૩૦ થી અરજદારોએ કબજા સોપંણી અંગેનુ જે રોજકામ થયેલ તે રજુ કરેલ છે, જેમાં કબજાની સોંપણી તા.૨૫/૮/૯૫ ના રોજ થયેલી છે. તેમજ આંક–૩૫ થી અરજદારોને કલમ–૧૨(૨) મુજબની નોટીસ બજાવ્યા અંગેનું અને તેમાં અરજદારોની સહીઓ મેળવ્યા અંગેનું પત્રક રજુ કરેલ છે અને છેલ્લે આંક–૩૬ થી તા.૧૦/૭/૯૬ ના રોજ બાકી અરજદારોના કબજા સોંપણી અંગેના રોજકામની નકલ રજુ કરેલ છે તેમજ આંક–૪૦ થી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ કાર્યપાલક ઈજનેરશ્રી, અંકુશ વિભાગને "એએ" તથા "સીસી" ફોર્મ મોકલ્યા અંગેનું પત્રક છે જેમાં વળતરનો ચુકાદો અરજદારોને તા.૨૫/૮/૯૫ તથા તા.૧૫/૧૧/૯૫ ના રોજ કરવામાં આવેલ તેની વિગત છે. વધુમાં સામાવાળા તર્ફે આંક–૪૩ થી એવી વિગત જણાવેલ છે કે, અરજદારોના વકીલશ્રી જી.એમ.રાદડીયાને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, જુનાગઢ

દ્વારા તા.૧૩/૧૧/૯૭ ના રોજ લેખિતમાં જવાબ આપેલ છે કે અરજદારોએ વાંધારહિત એવોર્ડ સ્વીકારી લીધેલ હોય જેથી રેફરન્સ અરજી ન્યાયાલયને મોકલી શકાય નહી. જેની સામે અરજદારોના વકીલશ્રી તા.૪/૧૨/૯૭ ના રોજ તેમનો ખુલાસો રજુ કરેલ છે, જેમાં ચુકવણી વખતે અરજદારોએ મૌખિક વાંધા રજુ કરેલ હોય પરંતુ તે અંગે પત્રકમાં અધિકારીઓએ લખેલ ન હોય તે મતલબનો જવાબ રજુ કરેલ છે. તેમજ વધુમાં અરજદારોએ તેમની અરજીના પેરા–૩ માં જણાવેલ છે કે અરજદારોને પેમેન્ટ તા.૧૫/૧૧/૯૫ ના રોજ થયેલ છે અને તે પહેલા કલમ–૧૨(૨) ની નોટીસ બજેલ છે, જેમાં એવોર્ડની રકમ ઓછી હોય વધારે વળતરના રેફરન્સ કરવા એવોર્ડની નકલ મળવા અરજી કરેલ છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે, અરજદારોને કલમ–૧૨(૨) ની નોટીસ મળી ગયેલ છે અને તે મતલબે તેઓની સહી લીધા અંગેનું પત્રક પણ રજુ છે. આ હકીકત સામે અરજદારો તર્ફે એવી રજુઆત છે કે સામાવાળાએ એવોર્ડની નકલ પુરી પાડયા બાબતેનો પણ કોઈ આધાર રજુ કરેલ નથી. જેથી અરજદાર તર્ફે આ એવોર્ડની ખરી નકલ માગવામાં આવેલ જેમાં તેઓને તા.૫/૯/૯૫ ના રોજ અરજી કરતા તેને તા.૯/૯/૯૬ ના રોજ મળ્યા અંગેની હકીકત જણાવેલ છે, જે હકીકત સંબંધે સામાવાળા પાસે આ હકીકત અંગે ખુલાસો માગતા તેઓએ જણાવેલ છે કે, તેમનુ ઓફિસ રેકર્ડ નાશ પામેલ હોવાથી આ બાબતે તેઓ ચોકકસપણે કહી શકે નહી, પરંતુ જયારે કલમ–૧૨(૨) મુજબની નોટીસ બજાવેલ છે તો એવોર્ડની પણ પુરી વિગતની જાણકારી આપેલ છે તે રેકર્ડ પર છે. ત્યારબાદ અરજદાર તર્ફે રજુઆત છે કે તેઓએ તા.૨૬/૯/૯૬ ના રોજ કલમ–૧૮ મુજબની તેઓની અરજીઓ ખાસ જમીન સંપાદન અધિકારી સમક્ષ રજુ કરી દીધેલ છે. જેથી અરજદારની અરજીઓને કલમ–૧૮(૨)(એ) તથા કલમ–૧૮(૨)(બી) મુજબ સમય મર્યાદાનો કોઈ બાધ નડતો નથી. તેઓએ જણાવેલ છે કે **એ.આઈ.આર.૧૯૯૦, જે એન્ડ કે.૭૨, હાજી રસુલ કીતાબ વિરૂધ્ધ કલેકટર** વાળા ચુકાદામાં નામદાર હાઈકોર્ટે એવુ સ્પષ્ટ ઠરાવેલ છે કે, સમય મર્યાદા એવોર્ડની વિગતની પુરી જાણ થયા તારીખથી ચાલુ થશે. તે જ રીતે **એ.આઈ.આર.૧૯૮૯, પી. એન્ડ એચ. ૨૬૧, જશવંતરાય વિરૂધ્ધ એલ.એ.કલેકટર** વાળા ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જયારે અરજદારોને કલમ–૧૨(૨) મુજબની નોટીસ બજાવવામાં આવેલ ન હોઈ, તો તેવા સંજોગોમાં કલમ–૧૮ મુજબની અરજી પક્ષકારોને એવોર્ડની પુરી વિગતની જાણ થયા તારીખથી છ મહીનાની સમય મર્યાદામાં દાખલ કરી શકાય છે. તેમજ

એ.આઈ.આર.૧૯૮૫, બોમ્બે ૧૮૮, મોહનલાલ વિરૂધ્ધ બી.જી.દેશમુખ વાળા ચુકાદામાં નામદાર હાઈકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, એવોર્ડની પુરી વિગતની જાણ થયા તારીખથી સમય મર્યાદા ચાલુ થઈ ગણાશે. તેમજ **૧૯૬૯(૨) એમ.એલ.જે.૨૪૯, સુભદ્રાબેન મણીલાલ વિરૂધ્ધ સ્પેશીયલ તહેસીલદાર** વાળા ચુકાદામાં નામદાર હાઈકોર્ટે એવુ સ્પષ્ટ જાહેર કરેલ છે કે, એવોર્ડ જાહેર થયા બાદ રેફરન્સ અરજી છ મહીનાની સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોય તો આવી અરજી સમય મર્યાદા બહાર છે તેવુ કહી શકાય નહી. આમ અરજદારપક્ષ તર્ફે રજુ થયેલ હકીકતો અને પુરાવો તથા જુદી જુદી ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લેતાં તેમજ સામાવાળા તર્ફે રજુ થયેલ વિગતો તથા ઉપરોકત ભગવાનદાસ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશવાળા ચુકાદાની હકીકતનો ધ્યાને લઈએ તો પોતાનો બોજો ડીસ્ચાર્જ કરવા પ્રથમ અરજદારોએ એવોર્ડ જાહેર થયેલ તે વખતે હાજર હતા નહી તે બતાવવુ પડે તેમજ તેઓને કલમ–૧૨(૨) નીચેની કોઈ નોટીસ મળેલ નથી તથા એવોર્ડની વિગતની તેઓને કોઈ જાણકારી નથી તેવુ બતાવવુ પડે. અરજદારો તર્ફે તેઓને એવોર્ડની નકલ મળેલ નથી તેવી માત્ર તકરાર લીધેલી છે, જયારે સામાવાળા તર્ફે રજુ થયેલ આધારોમાં એવોર્ડ તા.૨૩/૧/૯૫ ના રોજ જાહેર થયેલ છે તેવુ સ્થાપિત કરેલ છે તથા કલમ–૧૨(૨) ની નોટીસ અરજદારોને તા.૨૫/૮/૯૫ ના રોજ બજાવ્યા અંગેનું પત્રક રજુ કરેલ છે. જેની સામે અરજદારોએ કબજા સોંપ્યા અંગેના રોજકામની વિગત તા.૨૫/૮/૯૫ થી તા.૧૦/૭/૯૬ દરમ્યાન થયા અંગેનુ પત્રક રજુ કરેલ છે. વધુમાં અરજદાર તર્ફે તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ તેની ઉલટતપાસમાં તેઓએ એ વાત કબુલ રાખેલ છે કે, ''એ વાત ખરી છે કે, જમીન સંપાદન અધિકારીએ એવોર્ડ અમારી હાજરીમાં જાહેર કરેલો.'' આ કામે ચુકવણુ મેળવવા માટે અરજદારોએ જે મુખત્યારનામા કરી આપેલ છે તે તા.૩૧/૮/૯૫ સુધીના છે. આ તમામ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૩/૧/૯૫ ના રોજ જાહેર થયેલ એવોર્ડ અંગે કલમ–૧૨(૨) ની નોટીસ અરજદારોને તા.૨૫/૮/૯૫ ના રોજ બજાવવામાં આવેલ છે. જયારે કે અરજદારોએ હાલની રેફરન્સ એપ્લીકેશન તા.૨૬/૯/૯૬ ના રોજ દાખલ કરેલ છે, જેમાં તેઓએ એવોર્ડની ખરી નકલ મેળવવા માટે એક વર્ષ ઉપરનો સમય થયેલ હોવા બાબતેનુ કારણ દર્શાવેલ છે. જયારે કે ખાસ જમીન સંપાદન અધિકારીએ તા.૧૩/૧૧/૯૭ ના રોજ અરજદારોને સંબોધીને લખેલ પત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે, કાયદાની કલમ–૧૮(૧) ની જોગવાઈ મુજબ તેઓએ એવોર્ડ સ્વીકારી લીધેલ હોય,

રેફરન્સ અરજી ન્યાયાલયને મોકલી શકાય નહી, જેની સામે તા.૪/૧૨/૯૭ ના રોજ અરજદારના વકીલશ્રીએ તેનો જવાબ આપેલ છે અને ત્યારબાદ આ રેફરન્સ અરજીઓ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ઉનાની કોર્ટમાં તા.૭/૨/૧૩ ના રોજ મોકલવામાં આવેલ છે આ અંગે જોવામાં આવે તો અરજદારોની બેદરકારી ફલિત થાય છે તેઓએ તે બાબતે ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરીએ અરજી અંગે આગળની કોઈ કાર્યવાહી ન થવા બાબતે કોઈ તપાસ કરેલ હોય તે બાબતેની કોઈ હકીકત દર્શાવેલ નથી. જેની સામે સામાવાળા તર્ફે અરજદારોને કલમ–૧૨(૨) ની નોટીસ તા.૨૫/૮/૯૫ ના રોજ બજાવેલ છે અને તે મતલબનું પત્રક પણ રજુ કરેલ છે, જેમાં પક્ષકારોની સહીઓ છે તેમજ અરજદારો તર્ફે કબજા સોંપણીનું રોજકામ તા.૨૫/૮/૯૫ થી તા.૧૦/૮/૯૬ સુધીનું રજુ છે તેમજ તમામ અરજદારોને તા.૧૦/૭/૯૬ સુધીમાં વળતરનું ચુકવણુ પણ થઈ ગયેલ છે તેમજ એવોર્ડ તેઓની હાજરીમાં જાહેર થયેલો તે મતલબે તેઓએ સ્વીકારેલ પણ છે. આમ, અરજદારોને એવોર્ડની વિગતવારની જાણકારી મળેલ છે તે મતલબે સામાવાળા તર્ફે રજુ રાખેલ આધારોમાં રોજકામની વિગતો જોતાં અરજદારોને થયેલ ચુકવણુ તથા તેમના તર્ફે સોંપવામાં આવેલ મિલ્કતનું રોજકામ તથા કલમ–૧૨(૨) મુજબની નોટીસ બજવણીના પત્રકમાં તેઓની સહી વિગેરે વિગત જોતાં અરજદારોને એવોર્ડની સમયસર પુરતી માહિતી મળેલ હોય તેવુ પુરવાર થાય છે, તે સંજોગોમાં માત્ર એવોર્ડની ખરી નકલ મેળવવાના ઓથા હેઠળ કાયદાએ પ્રસ્થાપિત કરેલ સમયથી બહારે રેફરન્સ અરજી દાખલ કરવા માટેનુ કોઈ કારણ ન્યાયિક જણાતુ નથી. અરજદારોએ ખરી નકલ મેળવવા માટેના જે સમય દર્શાવેલ છે તે પણ ૧૩ મહિના ઉપરાંતનો છે. આમ, અરજદારની અરજીઓને સમય મર્યાદાનો બાધ નડતો હોય તેવુ સ્પષ્ટ જણાય છે. તે હકીકત જોતાં અરજદારોને એવોર્ડની નકલ ન મળવા અંગેની હકીકત માની શકાય તેવી નથી. આમ અરજદાર તર્ફે તેની અરજી સમયમર્યાદામાં દાખલ ન થયા અંગેનુ પુરવાર થતુ હોય જેથી મુદા નં.૩ અંગેનો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૨૯) **<u>મુદા નં.૪ :–</u>**

આ કામે સામાવાળા પક્ષે તેના આંક–૬ ના તેના વાંધા જવાબમાં પેરા નં. માં આ અદાલતને આ અરજીઓ ચલાવવા માટે હકુમત હોવા બાબતે તકરાર લીધેલ છે. તેથી હકુમત બાબતે આ (૪) નંબરનો મુદો ઉપસ્થિત કરી, તેની સાબિતીની જવાબદારી

સામાવાળા પક્ષ ઉપર નાંખવામાં આવેલ છે, પરંતુ સામાવાળા પક્ષે હકુમત બાબતે કોઈ જ તકરાર કે વાંધો લેતા નથી અને એકદમ મૌન સેવે છે. વધુમાં અગાઉના સમયમાં **જમીન સંપાદન ધારા–૧૮૯૪ ની કલમ–૧૮** અન્વયેની રેફરન્સ અરજીઓ ચલાવવાની એક માત્ર સત્તા એક માત્ર ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટને જ હતી, પરંતુ છેલ્લા થોડા વર્ષો પહેલા નામ.ગુજરાત હાઈકોર્ટે પાવર ડેલીકેટ કરીને આ રેફરન્સ અરજીઓ ચલાવવાની સત્તા અને હકુમત સીવીલ જજ (સીનીયર ડીવીઝન) કોર્ટોને આપી છે. એટલે કે, હવે હકુમત ધરાવતા સીનીયર સીવીલ જજશ્રી પણ કલમ–૧૮ અન્વયેની અરજીઓ ચલાવવા માટે, સત્તા અને હકુમત ધરાવે છે. વધુમાં આ કામે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ પણ તા.૨૬/૯/૯૬ ના રોજ તેમની સમક્ષ રજુ થયેલ કલમ–૧૮ અન્વયેની આ અરજીઓ કોર્ટના ન્યાયિક નિર્ણય માટે જુનાગઢ ખાતેના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબ તરફ મોકલી આપેલ છે અને ત્યારબાદ ઉના મુકામે નામદાર સીનીયર સીવીલ કોર્ટની હાઈકોર્ટ દ્વારા નિયુકિત થતા આ અરજીઓ ઉના મુકામે ન્યાયિક નિર્ણય અર્થે મોકલી આપવામાં આવેલ છે. આમ, આ હકીકત ધ્યાને લઈએ તો, આ રેફરન્સ અરજીઓ ચલાવવાની આ અદાલતને હકુમત છે, તેથી આ અદાલતને આ રેફરન્સ અરજીઓ ચલાવવાની હકુમત નથી તેવી હકીકત સાબિત કરવામાં સામાવાળા પક્ષ સંપુર્ણ નિષ્ફળ જાય છે. જયારે રજુ થયેલ પુરાવો જોતાં અરજદારોની અરજી ચલાવવાની આ અદાલતને સંપુર્ણ સત્તા અને હકુમત છે તેવુ સાબિત કરવામાં અરજદારપક્ષ સફળ થતા હોય તેથી મુદા નં.૪ નો નિર્ણય અરજદારોની તરફેણમાં હકારમાં આપવામાં આવે છે.

(૩૦) **<u>મુદા નં.૫ :–</u>**

બંને પક્ષોનો પુરાવો, દલીલો, કાનુની જોગવાઈઓ અને જુદી જુદી ઓથોરીટીઓ ધ્યાને લેતાં, આ કામે મુદા નં.૫ ના કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

<u>: : – હુકમ – : :</u>

(૧) આ કામના અરજદારોના લેન્ડ રેફરન્સ કેસ નં.૧/૧૪ (મેઈન કેસ) તથા સાથે એલ.આર.સી.કેસ નં.૨/૧૪ થી ૭/૧૪, ૧૦/૧૪, ૧૧/૧૪, ૧૩/૧૪

થી ૧૭/૧૪, ૧૯/૧૪, ૨૦/૧૪ ને સમય મર્યાદાનો બાધ નડતો હોય જેથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) આ ચુકાદાની એક–એક દરેક રેફરન્સ કેસ સાથે સામેલ રાખવી અને અસલ લેન્ડ રેફરન્સ કેસ નં.૧/૧૪ સાથે રાખવી.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૩/૧૧/૨૦૧૮
ઉના.

(સલીમ અબ્દુલ્લા ગલેરીયા,)
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,
ઉના
કોડ નં.જીજે૦૦૭૩૧